અપીલ અરજી નં.૧૨૪ તા.૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૬–૦૭ ની અરજીથી (૧) છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન વિદ્યાસહાયકની ભરતી કરાયેલ ઉમેદવારો પૈકી અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ, અને બક્ષીપંચના વિદ્યાસહાયકોની જાતિ અંગેના દાખલાની નકલ. (૨) શાસનાધિકારીની સહી કે નામોલ્લેખ વગર કોઈ પણ ટેન્ડરની જાહેરાત ન્યુઝ પેપરોમાં આપી હોય તેની ઝેરોક્ષ કોપી પ્રમાણિત વિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૨૪/૦૯–૧૦

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૬–૦૭ ની અરજીથી (૧) છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન વિદ્યાસહાયકની ભરતી કરાયેલ ઉમેદવારો પૈકી અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ, અને બક્ષીપંચના વિદ્યાસહાયકોની જાતિ અંગેના દાખલાની નકલ. (૨) શાસનાધિકારીની સહી કે નામોલ્લેખ વગર કોઈ પણ ટેન્ડરની જાહેરાત ન્યુઝ પેપરોમાં આપી હોય તેની ઝેરોક્ષ કોપી પ્રમાણિત વિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીમાં પ્રશ્ન નં.૧,૪,૮ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૫૦૩ તા.૧૩–૮–૦૯ થી શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)ને તથા અરજદારને અપીલ અરજી આશરે ૨ વર્ષના વિલંબથી કરવામાં આવેલ છે જે અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૬–૮–૦૯ થી પત્ર રજૂ કરેલ છે પરંતુ તેમાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ન.પ્ર ા.શિ.સ. નં.૬૬ તા.૩૧–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા અરજદારને માહિતી મેળવવા અંગે જાવક નં.૧૯૮૫ તા.૧૮–૭–૦૭ નો રૂા.૧૪/– ફી ભરવા જણાવતો પત્ર, તથા આપેલ માહિતીની નકલ વર્ષ ૨૦૦૫–૦૬ અને ૨૦૦૬–૦૭ સાધન સામગ્રીના ટેન્ડરોની વિગત, તથા સને ૨૦૦૩–૦૪ તથા ૨૦૦૫–૦૬ ના કોમ્પ્યુટર બજેટની જોગવાઈ, તથા ૧૯૯૯ થી ૨૦૦૦ થી ૨૦૦૨–૦૩ તથા સને ૨૦૦૬–૦૭ ની કોમ્પ્યુટર શિક્ષણની માહિતી, તથા તા.૯–૬–૦૭ ના રોજ દિવ્ય ભાસ્કરમાં પ્રસિધ્ધ થયેલ ટેન્ડર નોટીસની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૨–૬–૦૭ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં. ૧૯ ૮૫ તા.૧૮–૭–૦૭ થી માહિતી અંગેના પાના નંગ–૭ રૂા.૨/– લેખે રૂા.૧૪/– ભરપાઈ કરી મેળવી લેવા સમય મર્યાદામાં અરજદારને જણાવેલ છે. પરંતુ અરજદારે મેળવેલ છે કે કેમ? તે અંગે અપીલ અરજી સાથે કે અપીલ તબકકે પણ પત્ર પાઠવી વાજબીપણું રજૂ કરવા જણાવી તક આપવા છતાં પણ તે બાબતે કોઈ વિગતો રજૂ કેરલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવાની તૈયારી બતાવેલ છે અને ત્યાર બાદ અરજદારને તા.૨૪–૭–૦૯ ની અરજીના અનુસંધાને પણ નાણા ભરી રસીદ રજૂ કર્યેથી માહિતી આપવા તથા રૂબરૂ સપંર્ક કરવા પણ જણાવેલ. જે અંગે તા.૩૧–૭–૦૯ ના રોજ ન.પ્રા.શિ.સ./પત્ર નં.૫૪ થી અરજદારને જણાવવમાં આવેલ છે. આમ અરજદારે નાણા ભરી માહિતી મેળવેલ હોય તેવું જણાતું નથી. તેમ છતાં અરજદારે તા.૧–૮–૦૯ ના રોજ આશરે ૨ વર્ષના વિલંબથી અપીલ અરજી કરી મુદ્દા નં.૧,૪ અને ૮ ની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અરજી સાથે કે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી બાબતે કઈ માહિતી મળેલ છે અને કઈ માહિતી મળેલ નથી તેના કોઈ કારણો તેમજ અપીલ અરજી અંગે વિલંબના કોઈ વાજબીપણા કે આધાર રજૂ કરેલ નથી. અરજદારે લગભગ આશરે ૨ વર્ષના સમયના વિલંબથી અપીલ અરજી કરેલ છે. અરજદારની વિલબંના કોઈ પણ વાજબીપણા વિનાની કલમ–૧૯(૧) હેઠળની અપીલ ગ્રાહય રાખવા પ્રથમદર્શી કોઈ કારણ જણાતું ન હોઈ અપીલ ગ્રાહય રાખી શકાય નહીં.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૬–૦૭ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મેળવી લેવા જાવક નં.૧૯૮૫ તા.૧૮–૭–૦૭ ના રોજ જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે માહિતી મેળવેલ ન હોય તથા ૨ વર્ષના વિલંબથી અરજદારે અપીલ કરેલ હોઈ ગ્રાહય ન રાખતા અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના તા.૩૧–૭–૦૯ ના પત્ર અનુસાર સંપર્ક કરી દસ્તાવેજી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)…. જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી, હરીનગર–૧, પ્લોટ નં.૧, ઉધના, સુરત…તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.